# સુધારા સુબોધ

—o—

**બેગણીની ગુણગ્રાહક સભાને માટે**

રચનાર તથા છપાની પ્રસિદ્ધ કરનાર

**અમરચંદ બેચાન.**

આવૃતિ પેહલી.

**અમદાવાદ મધ્યે.**

ત્રણ દરવાજા નજીક સરૈયા સાંકળચંદ હરીભાઈના

મકાનમાં અમદાવાદ સત્યોદય પ્રેસમાં

**મગનલાલ મનશુખરામે છાપી.**

સંવત ૧૯૪૦ સન ૧૮૮૪. કાપીરાઈટ.

**કિંમત ચાર આના.**

૨૦૦૦

# સુધારા સુબોધ.

મગાભૂીની ગુણગ્રાહક સભાને માટે

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર

**અમરચંદ ભવાન.**

શ્લોક.

परोपकाराय फलंतिवृक्षा
परोपकाराय वहंति नद्यः
परोपकाराय दुहंति गावः
परोपकारार्थ सद पूप जन्म; १

આવૃતિ પેહેલી.

**અમદાવાદ મધ્યે.**

ત્રણ દરવાજા નજીક સરૈયા સાંકળચંદ હરીભાઇના
મકાનમાં અમદાવાદ "સત્યોદય પ્રેસ" માં

**મગનલાલ મનશુખરામે છાપી.**

સંવત ૧૯૪૦ સન ૧૮૮૪.



**કિંમત ચાર આના.**

# પ્રસ્તાવના.

હાલમાં આપણો દેશ દીનદીન પ્રતે ઘણી પડતી દી-શામાં આવતો જાય છે પડતી દીશામાં થવાનું મુખ્ય કાર-ણ એ છે જે એકતો વિદ્યાહિન અને બીજો હુન્નરહિન તથા કુસંપ એ ત્રણ મોટા અવગુણ છે. આગળના વખતમાં આપણા દેશમાં ઘણું દ્રવ્ય હતું એવું જુના ઇતિહાસો ઉ-પરથી માલુમ પડે છે પણ તે ધનવંત થવાનું કારણ એ છે જે લોકો ઘણા ઉદ્દમી અને તેને ધનવાન ઘણી મદદ કરતા હતા, તેમજ રાજાઓ પણ ઘણા સમજુ અને ભણે લા હતા જોકે શ્રીહર્ષ નામના રાજા થઇ ગયા, તેમણે નૈષધ ચરિત અને રત્નાવળી એવા નામના ગ્રંથ રચ્યા છે, તેમ પ્ર તાપસિંહજી નામના રાજા થયા તેણે "વ્યંગાર્થકૌમોદી" નામનો ગ્રંથ રચ્યો છે, મેવાડના રાજાએ "અમૃતસાગર" નામનો ગ્રં થ બનાવ્યો છે અમરસીંહજી નામના રાજાએ "અમરકોશ" નામનો ગ્રંથ રચ્યો છે, વળી વીક્રમ અને ભોજ કેવા વિદ્વાન અને પ્રાક્રમી થયા છે, અને રાજકોટના રાજા મેહેરામણજીએ "પ્રવિણસાગર" નામનો ગ્રંથ રચ્યો છે, હવે આપણે ખરેખર જરા વિચાર કરીશું તો જાણવામાં આવશે કે જ્યારે એવા વિદ્વાન રાજા હશે તે વખતમાં તેની પ્રજા કેવા સુખમાં હશે તે તેઓના ઇતિહાસ ઉપરથી જોવામાં આવશે.

પ્રાચીનકાળમાં જોઇશું તો પાંડવો વિગરે રામ અને કૃ ષ્ણ કેવા હુશિયાર થયા છે; તેઓ યુદ્ધમાંતો શું પણ વિ-દ્યા અને કળા કુશળતામાં પણ ઘણા હુશીયાર થયા છે. રાવણ મહા પ્રતાપી અને અભિમાની રાજા થયો તેમણ

તેણે વિદ્યા અભ્યાસ કરી મહા વિદ્વાન થઈને "વેદ" ના પણ ધન, પદ, અને જરા. એના ત્રણ ભાગ કરી નાંખ્યા અને બ્રહ્માદિ મોટા ઋષિઓને પણ પોતાના વિદ્વાનપણા થી વશ કરેલા હતા. અને રામના રાજ્યમાં રૈયત ઘણી સુખમાં હતી તેથી રામના રાજની લોકોમાં કહેવત ચાલે છે.

હાલના વખતમાં હરેક માણસ પાસે થોડા પૈસા થ યા એટલે તે વિદ્વાનપણાની કે વિવેકની કે હુન્નર કરી ધંધો કરવાની દરકાર રાખતો નથી, તે પોતાનું કામ પણ બીજાથી બજાવે છે આગળના વખતમાં જુઓ કે જૈનના એક ગ્રંથમાં એવું લખ્યું છે કે, રાજગરી નગરીમાં સારણીકનામે રાજા રાજ કરતો હતો તેને એક લાખ કરતાં પણ વધારે ગામ હતાં તોપણ રાજનો વહિવટ "અભેકુમાર" નામે તેનો પાટવી પુત્ર ચલાવતો હતો અને તે કળાકુશળતામાં ઘણો બાહાદુર હતો.

માટે વિદ્યા સર્વે ઠેકાણે પુજાય છે, વિદ્યાથી હુન્નર શીખાય છે અને હુન્નરથી ધનની પ્રાપ્તી થાય છે.

## શ્લોક.

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्न गुप्तधनं
विद्या भोग करि यशः सुख करी विद्या गुरूणा गुरू
विद्या बंधुजनो विदेशगमनो विद्या परा देवता
विद्याराजसुपूजितानतधनं विद्या विहिनः पशुः

અર્થ.—વિદ્યાજ નરનું રૂપ છે; એજ ગુપ્ત ધન છે, એજ વૈભવ વિલાસ, યસ તથા સુખ આપે છે; વિદ્યા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે; વિદેશમાં જતાં વિદ્યા બંધુ છે; વિદ્યાજ પરમ દેવ છે; વિદ્યા રાજામાં પુજાય છે, ધન પુજાતું નથી; માટે વિદ્યાહિન પુરૂષ પશુ છે.

## श्लोक.

नचोरहार्यं नचराजहार्यं नभ्रातभाज्यं नच भारकारि
व्यये कृते वर्धत एव नीत्यं विद्या धनं सर्व धनं प्रधानम्
विद्वत्वंच नृपत्वंच नैवतुल्य कदाचन
स्वदेशे पूज्यते राजा विद्वान सर्वत्र पूज्यते
विद्या ददाति विनयं विनया याति पात्रताम
पात्रत्वात्धनमाप्तिर्धनात्धर्मततःसुखम
प्रथमेनार्जिता विद्या द्वितीये नार्जितं धनं
तृतीयेनार्जिताकिर्ति चतुर्थे किंकरिष्यति.

પણ હાલના ધનવાન પુરૂષો તો એવું ધારી બેઠા છે કે; ફક્ત ધનમાંજ તમામ સુખ છે; તેઓ કાઇની પરવા રાખતા નથી; કદી તેઓ ભણે છે તો નોકરી મેળવવાની ચાહના રાખે છે; પણ ભણીને કોઇ હુનર ઉત્પન્ન કરવો કે જેઓ હુંનરી હોય તેઓને ઉદ્યમે ચઢાવવા એ વાત તો સુદ્ધાં તેના સ્વપ્નામાં પણ નથી હોતી ત્યારે બીચારા ગરીબ લોકોને શું કરવું; તેઓ હુશીયાર થાય તો

પણ ધન વિના તેનું સુરત કાંઇ કામ આવતું નથી; જે મકે.—

## દોહરો.

" કુવા કેરી છાંયડી કુવા માંહિ સમાય, "
" મનોરથો નિરધન તણા એળે વેળે જાય. "

વળી સુધારો કરવો તે મુખ્ય રાજાનું અને મોટા પૈસાદાર લોકોનું કામ છે; આપણા દેશમાં પ્રથમતો રાજાએ પોતાના વિચાર સુધારવા જોઇએ અને તેઓની પાસે પ્રધાન પણ સુધરેલા જોઇએ; કે જેથી કરી રાજાઓના વિચાર સદા સુધરેલા રેહે; અને ધનવાન પુરુષોએ પણ એક મત્તો કરીને એક કંપની કાઢવી જોઇયે તેમા સ્વદેશના સુધરેલા અને હુનરી પુરુષોને દાખલ કરવા જોઇયે એ ઉપરની બાબત બને એટલે બીજી રૈયતને સુધરવું કાંઇ કઠણ નથી; કહેવત છે કે "યથા રાજા તથા પ્રજા" હાલના જમાનામાં દરેક શેહેરમાં એકેક સુધારાનો બોધક નીમવો જોઇયે; તેઓ શાહુકારોના મનને અસર કરે તેવાં ભાષણ દર અઠવાડીએ કરે અને તે ઉપરથી શાહુકારો હુનરી પુરુષોને મદદ કરે અને તેઓ પરદેશથી નવીન તરેહના સંચા લાવી દેશમાં ઉદ્યમ માટે એકેક નહી તો પાંચ સાત શાહુકારોએ મળીને એક કામ કરવું કે જેથી એક સખસને બહુ રકમ ભરવી ના પડે.

હરકોઇ કામમાં એક વખત સારી મદદ મળે તો ફરસન તે કામ સુધારવાની હોંશ રહે છે; પણ પેહેલા વખતજ મદદ મળે નહી તો પછી તે વધારવાની આશા

કેમ રહે; હીંદુ તથા મુસલમાનોના જુના ગ્રંથોમાં કહ્યું છે કે આ અવની (પૃથ્વી) માં અવતાર ધારણ કરીને જે પુરૂષોએ પરોપકાર કરીને કાંઇપણ નામ રાખ્યું નહીંતો આ દુનીયામાં ફોકટ ફેરો થયો એમ કહે છે; અને જેઓ એ પરોપકાર કરી સદ્ગુણો ગૃહી, નામ રાખ્યાં તેઓ આ દુનીયાંમાંથી અસ્ત થયા સમજવું નહી, તે ઉપર શામળભટ કહે છે કેઃ—

## દોહરા.

કર્ણ યુધિષ્ઠર દિલિપ વળિ, દશરથને શ્રીરામ;
મુવા નથી છે જીવતા, જો છે જગમાં નામ. ૧
જશ જીતીને જન મુવા, જુગ જુગ જીવ્યા પ્રમાણ.
અપજશ લૈ જીવ્યા અધિક, નર તે મૃત્યુ નિર્વાણ. ૨
ધન જોબન છે ક્ષારમાં, જેમ આવે ત્યમ જાય;
જેના જગમાં જશ રહ્યા, ધનધન તેની માય. ૩
મુરખ જર વ્હાલો કરે, જશવંતા જશ ચ્હાય;
જરતો રાંડ સ્વભાવ છે જશતો રાયાં રાય. ૪
જશ આગળ જર કિંકરો, જર જશ થકી મળંત;
જશતો અમૃત ખાણ છે, કવિ કોવિંદ કહંત. ૫
જરને બહુ જન ચ્હાય છે, વિરલા જશ ચાહંત;
જીવ જાય છે જર થકી જશથી જીવ રહંત.. ૬
નાણું કોનું નવ રહે, રહે એકજ નામ;
નાણું નામ રાખી શકે કરવું એવું કામ. ૭
દાટયા તે દેહવટ ગયા, રાખ્યા ત્યાં થઇ રાખ;
ખરચ્યા તેની ખુબી થઇ, થયા એકના લાખ. ૮

બહિમ સંચી બોબીયા, ધન સંખ્યા ખરિ ટેક;
જરૂર ગયા જખ્ખમારતા, કોડિ ન લે ગયા એક. ૯
પાંચ અબજ પુરા હતા, જેની ગાંઠે રોક;
તે મૃત્યુથી નવ ઉગર્યા, ફજેતી પામ્યા ફોક. ૧૦
ભોજને જર ભાવ્યો નહી, આપ્યો તે કરી આથ;
હજારઘણો હેતે થયો ગયો લઇ નીજ સાથ. ૧૧

માટે પ્રિયબંધુ આર્ય જનો લોકોના હિતને અર્થે જે ખર્ચ કરવું પડે તે તન મન અને ધનથી કરવું આપણા પુર્વજો કેવી આબરૂ મેળવી ગયા છે તે કાંઇ આપણીપેઠે આળસુ અને નિર્દયપણાથી પામ્યા એમ જણાતું નથી.

# સુધારા સુબોધ.

## મંગળાચરણ.

જય જય જય જગપતિ સદા, અક્ષય સદન નિવાસ;
કરવા ભાષણ પુર્ણ આ, રાખું તહારી આશ.

## છંદ ભુજંગી.

નમું ઇશ્વરા વિશ્વના નાથ તને,
સદા સધ સુબુદ્ધિ આપેજ મુને;
અહો નીશ ઉરે ન વિસારી નાંખું,
ભલું થાય દેશી તણું એજ ભાખું. ૧
છતે અલ્પ બુદ્ધિ કરંછુંજ મોટું (કામ)
દિસે તુજ કૃપા થકી સર્વ છોટું;
ન એકે નડે હોય જો દોશ લાખું,
ભલું થાય દેશી તણું એજ ભાખું. ૨
અગમ પંથ છે વિશ્વના કંથ તારો,
કરો મ્હેર આ દીનને તો ઉગારો;
મળે જેમ હીરા દીસે લોહ આંખું,
ભલું થાય દેશી તણું એજ ભાખું.
સુધારા કને છે કુધારોજ કેવો,
દીપે રાયની આગળે રંક જેવો;
કરો મ્હેર વાધે સુધારાની સાખું,
ભલું થાય દેશી તણું એજ ભાખું. ૪

# સરસ્વતી સ્તુતી દોહરા.

ગીરા ગીરા આપજે, સદા થઇ ઉદાર;
વિઘ્ન એક નડે નહીં, વંદન વારંવાર. ૬
વ્યાસે જે વાણિ રચી, તેની તું દાતાર,
બ્રહ્મા જેવાએ વળી, લીધો તુજ આધાર. ૭
સેષપાર સારદ તણો, લહિ શકે નહિ લેશ;
તે માટે કહું તુજને, શક્તિ મુજને દેશ. ૮
મંત્ર જંત્ર જાદુ વળી, છે તેવાં દેખાય;
કથવા વાણી તેહવી, સમરૂ તુજને માય. ૯
શાસ્ત્ર સુકીસુ મુકીને, અહીયાં આવળે માર્ગ;
મુજ અલ્પ મતિયે કહું, વાણી તે જથાર્થ. ૧૦
સુધારા સુબોધની, નામે રચેલો ગ્રંથ;
આર્ય જનો અતિ સ્નેહથી, ચાલે તેવે પંથ. ૧૧
વરતે સૂધારા થકી, કુધારો કરી દુર;
એવાને પાયે નમું હર્ષ ધરીને ઉર. ૧૨
ચડતી કરવા દેશની, ખરચે છે જે દામ;
એવા નરના ચરણમાં, પ્રેમે કરૂં પ્રણામ. ૧૩
તોડી બેડી વ્હેમની, રહેમ વસે છે ચક્ષ;
દિન દિન અવનીપર વધે, એવા પુરૂષ દક્ષ. ૧૪
એવા સજ્જન સર્વની, મુજપર હોજે મ્હેર;
સુધારા સુબોધની, થાયે પુરી લેહેર. ૧૫
પુરણ બ્રહ્મને પ્રણમી, માગુ એક ઉપાય;
સુધરે જન આ દેશના એવું કર જગરાય. ૧૬

## ભુજંગીછંદ.

અરે સજ્જનો સાંભળો વાત સાચી;
સદા વાત બીજી રહયા કેમ રાચી;
ન બેશી રહો કર્મ કેરે ભરૂંસે,
કરો કીરતી મોત માંથે ખરૂં છે. ૧૭
દિસે જેહની ગાંઠમાં દ્રવ્ય ઝાઝું,
ગણી આપ કેરૂં કર્યૂ ગેહ સાજુ;
અરે દ્રવ્ય તો ગુમડાનું પરૂ છે,
કરો કીરતી મોત માંથે ખરૂં છે. ૧૮
જુઓ નંદ રાજા ઘણો દ્રવ્યપત્તિ,
નહીં જાણતો ક્યાં વસે છે વિપત્તિ;
ગયું દ્રવ્ય તેતો કિયાં વિચર્યૂ છે
કરો કીવતી મોત માંથે ખરૂં છે. ૧૯
ઘણા રાય શેઠો થયા ભાગ્યશાળી,
રહી કિરતી તે જુઓને સંભાળી;
કરી કીરતી વાવર્યુ તે ખરૂં છે,
કરો કીરતી મોત માંથે ખરૂં છે. ૨૦
નહીં વાપરી હોય દાટેલ ઝાઝું,
કરી કીરતી દ્રવ્ય તેનુંજ તાજું;
થઈ કીરતી મોક્ષ કેરૂં ઘરૂં છે,
કરો કીરતી મોત માંથે ખરૂં છે. ૨૧
વિવેકી તમે સૌ હદેતો વિચારો,
ઘણા ભાયડીના લિયો છો પગારો;
થયો દેશ ખાલી જુવો આંખ ખોલી,
નિંદાશે તમો ડાપણોનીજ ટોળી. ૨૨

## છંદ વનજારા છંદ.

સીપા નસીખ્યો તો કશી નવાઇજ લાયકી આવીનો લિપી ઘણીછે,
ચાતુર જો નથયો તો નકીકર, ચોખ્ખાઇ જો સુવિચાર તણીછે
દોલતની દિલગીરી કશી નહી જો દિલ ઉદારતાજ ભણી છે
અમરચંદ કહે આબા ભલે નહી હુન્નર શોભા હજાર ઘણી.

## કવિ લઘુતાઈ

ઉદધી ઉછળતો એક પાસજ છીલ્લર નીર તણોજ કશું છે
સુરજ સાફ જણાય જહાં વળિ એક દિપકનું તેજજ શું છે
અંચળ થાન પડયા ગઢ લાજહી દોરિ દિશે કશી એકતસુછે
અમરચંદ કે એમ મતી મુજ મહાન પંડિત પાસ પશુછે.

## દોહરા.

સાધારણ માણસ સહુ, દુર તજીને ક્રોધ;
સુણજો સરવે સ્નેહથી, દેશ તણો હિત બોધ. ૨૫
લાયક જન સૌ લક્ષ દો, અંતરથી કરી સોધ;
ભાખું ભાષણ આ સમે, સુધારા સુબોધ. ૨૬

## છંદ-હરિજરા છંદ.

દેશિ જનો નિજ દેશ જુઓ હરરોજ દિશે દુખમાંહી વધારો.
અંતર પીડ અરે નથી આવતી દુખી થશો નીજ એજ વિચારો
આજ થયાં જન દુર્બળ દુખીજ કાલ સવાર સમે નિજ વારો
એક મતો મળી દેશી જનો સહુ સોધિ કરો કર સુખ કીનારો
ઉદ્યમહીન સ્વદેશિ થયા બહુ એ દિલગીરીની વાતજ મોટી,
ધીરજ ને ધનવંત તણે મન એજ આહાલત લાગીજ ખોટી;
હુન્નરે નાશ થયો નીજ દેશથિ દેશ બીજે વધ આયજ સાથ,

મળવના તદબીર કરો જન હામ ધરો ધનની ધન રાયા. ૨૮

## હરીગીત છંદની ચાલ.

હરવા દુખો દેશિ તણાં હિંમત હૈયે ધારજો,
સ્વદેશી સૌ ભેળા થઇ એ વાતતો વિચારજો;
દૈ હુન્નરીને દામ કરો કામ એ સુખનું સદા,
ધરો દીલમાં હુન્નર વીત ટળશે આપદા.

## દોહરા.

દિન દિન આ દેશી જનો, દુખમાં ઘો દેખાય;
ઘટી ગયો ઉદ્યમ ઘણો, કારણ એજ કળાય. ૩૦
ઉદ્યમ ગત આ દેશથી; તેનું કારણ એક;
વેપાર વધ્યો યૂરોપથિ, અવર ન કાંઇ વિવેક;
એ લોકો બહુ ઉદ્યમી, કરે હુન્નરના સોધ;
હિંદુ જન એ વાતમાં, કશો ન જાણે બોધ. ૩૨
હિંદુમાં હિમત નહી, પડયા ઊંઘની માંય;
સુસ્ત થયા કારીગરો, શ્રીમંત કરે નસ્હાય. ૩૩

## આગળના વખતમાં હિંદુસ્તાનમાં લક્ષ્મી કેવી રીતે હતી તેમજ પરદેશમાંથી લક્ષ્મી કેવી રીતે આવતી હતી તે વિશે.

## કવિત.

ઠણણ ઠણણ કોઇ દામ ઠમકાર કરે,
ધણણ ધણણ કોઇ ધામમાં ધમકતી;
ઝણણ ઝણણ કોઇ ગેહ માંહિ ગાજતીને;

તડિતના તેજ જેવી ચપળ ચમકતી.
ખણણ ખણણ હિંદુ દેશમાંહિ ખળકતી,
ધમ ધમ ધમ ઘણે એક ધમકતી;
હડ હડી હિંદુ તણી હરી પ્રીયા હાલી હવે;
યુરોપમાં ઇંદિરાની જુવાનીઝ મકતી. ૩૪
ધરેંકટ ધરેંકટ નાદ નોબતના વાજે અતી,
સણણ સણણ સરણાઇ ઘણી વાજતી;
ગણણ ગણણ ઊંઘ આળસનો ઉડી જાય,
ખણણ ખણણ એમ દધી સુતાનો ગાજતી;
ભણણ ભણણધન અવર દેશોથી આવે,
ડમ ડમ ડમ એમ ડમરૂથી છાજતી;
ઢમ ઢમ ઢમ ઢગ ઢોલના અવાજ થાય,
અમરચંદ કહે એમ લખમી વીરાજતી. ૩૫

## અંગરેજ લોકોના વાજા વિશે.

કટ કટ કટ અને ખટ ખટ સોર થકી,
સરર સરર કેક વાજાં રૂડાં વાગે છે;
ઝટ ઝટ ઝટ હિંદુ ભાયો મહી નહી જાગ્યો.
ખળળ ખળળ એથી સીંધુસુતા ભાગે છે,
તટ ફૂટ ઝટ લીએ હુન્નરથી હરી રમા
ઝળળ ઝળળ જેની જોત અતી જાગે છે.
ભણણ ભણણ કરી ભાગો ન અમરચંદ,
અરર અરર એથી અંગે ઘાવ લાગે છે.

## સવઈયા

લાખ દઇ જન લાખ ચહે નહી લાખથી લાભ ન જાણુ જસારે,

લ્હેર તજી નર લેરગ્રહો નહીં લેરથી લેશ નહી સુખ આરો;
લોહ ધંધો તજી લોહ ગ્રહો નહિં લોહ ધંધે ગણુ દુખ ઘણેર
હામ ધરો જન દેશિ હવે બહુ કામ કરો સહુ ઉધમ કેરાં
સાર તજી નર શારગ્રહે નહિ શાર ગ્રહે નથી સુખ જરાયે
કંસ મટી નર કકસ બન્યા બહુ કકસ થયે અથી ખેદ ખમાયે
ખાંડ લીવીન દુરેજ કરી નર ખાડય પડે ખમશો દુખ ફેરા
હામ ધરો જન દેશિ હવે સહુ કામ કરો બહુ ઉદ્યમ કેરા.

## દોહરા.

ખંડ ખેતાબ દુરે કરી, ખડનો ગ્રહો ન યાર;
બંગલેખ્યારજ પરહરી બગલાનો નહી ધાર.

## લલીત છંદ

અરર દેશિયો શું થશે હવે,
દધિસુતા ચળી હુન્નરે નવે;
જન સુસંપતો સર્વથી સજી,
કર ઉપાયજી હાથ છે હજી. ૪૭
સુહુન્નર તણા ગુણ ના લહયા,
ભર સમુદ્રમાં જાય્યોહો વહયા;
લખિ લખી જનો વર્તમાનમાં,
ચિંતવીયા બહુ વીર સાનમાં. ૪૨
સમ જાય છે ચેતજો સહુ,
અવર દેશના છે તરે બહુ;
ચળકતાં ઘણાં રૂપથી કર્યાં,
ધનદનાં ધનો તે થકી હર્યાં. ૧૨
રઝળતા થશો નાંહિં ચેતશો,

જળ પિધા પછી શોધ છો કરો;
મુરખ બાળને દે પ્રશૂ તજી,
દધિ સુતા ગઇ એમ આજજી. ૪૩
હુન્નર છોડિને હિંદુઓ ફર્યા,
ગરિબ સ્થિતીમાં આળસે કર્યા,
ભરમ ભૂતનો ઘાલિયો ઘણો,
અનુપ આશરો દેવિયૂં તણો. ૪૪
દિન નિશા તમે શેવમાં રહયા;
અવર શોધતે ચિંતના લહયા. ૪૫
સરસ એ થયા હુનરે નકી,
સમજ વાત એ હું કહું કથિ;
શિશુપણા થકી ઉધમે ચઢયા,
ભણિગણિ પછી હુનરે વધ્યા. ૪૬

## ભુજંગી છંદ.

રહયા હાથ જોડી હવે કેમ વીરો,
ઘણા દુબળાને ઘણા તો અમીરો;
ગતી હુન્નરે જો હશે દુબળાની,
રમાહીન દીસે ન આભા કળાની.
અરે આજ કે'વાય છે વાત કેવી
નહી લેખણોથી લખી જાય તેવી,
થયા અંધ આપે છતી આંખ છે તો,
નકી હુનરેથી હવે દ્રવ્ય રેતો.
જુવોને તમારં બન્ધુ જોર કેવું,
તકી પારકી ચીજ માંથેજ રે'વું;

જદુનાથની વાત જોજો તમે તો,
દીધા દાખલાથી જમાનો ગમેતો;
ધરી હામ હૈગે ઘણીવાર પોતે,
લડ્યા વાર અઢાર તે સત્ર સોતે;
જરાસંધનો કાળ આણ્યોજ અંતે,
અરે દુઃખ કેવુંજ વેઠ્યું મહંતે. ૫૦
ઘણા વાંદરાં એકઠાં જો થયાંતાં,
મળી રામ સાથે પુરી લંક ગ્યાંતાં;
સિતા ચોરનો કાળ આણ્યોજ અંતે,
અરે દુઃખ કેવુંજ વેઠ્યું મહંતે. ૫૧

## દોહરા.

કાળાજુહમાં નાંખીયાં, દેવકી દંપતી બેય;
જાણુતો નહીં એ કોઇ દીન, કાળ સુજ શીર હેય.
કોય એમ કહી નવ શકે, કંસજ માર્યો જાય,
દેવકી દંપત્તી છુટિયાં, માર્યો કંસજ રાય, ૫૩
વળિ નૃપ નૈસધ દેશનો, દમયંતી છે નાર;
દીન એક દુખ ભોગવ્યાં, વળી સુખ મ[illegible]સાર.
ધયરે ધયરે સદન પણ, અંતે પુરૂં થાય;
સૌ જન સંપ સજો તમે, મળશે જગની માય.
કીડા જોર કરે કદી, મારે જઇને નાગ;
અહેશિ હુનર સજો, આળસનો કરિ ત્યાગ. ૫૬

## તોટક છંદ.

[illegible]માં બહુ ભાત ધરો કબજે, રૂપ જોઇ પડે મનમાં હિમજે
[illegible] [illegible] તુમે ધન નાંખિ લિયો, વળિ દેશિ થકી દ્રવ્ય લિયો

શિલ્પા તણી સોય અને હડિયો, બહુ રૂપવતી જાતિ સાહરિયો
છિનવે કૈંક દામજ ચાકુ થકી, દિલ ધારવિ વ તજ સાચ્ચિ નકી
કરિ કાતર પારવિના પ્રગટો, જરૂર થોડુક એજ કરે ગઠો.
હુનરેથિ કર્યાં હથિયાર ઘણાં, મન મોહિત થાય ન કાંઇ મણા
પદમા ગઇ જો પરદેશિ કરે, નર દેશિ થયા હિન સૂહુનરે
પિસતોલ અને વળિ યંત્ર થકી, જરૂર એ લઇ જાયજ આજ નકી
નિજ જાત તણું અભિમાન તજો, નિત હુનર તત્વ શરિરે સજો
ખરિવાતજ અમરચંદ કહે, જગમાં જબરો નર હુનર છે.

## હીંદુસ્તાનનો વરૂક્ષરૂપ ચીતાર કરી તે વરૂક્ષબંધ

## મનહર છંદ.

સરવ ગરવ તજી ઉદ્યમે સનેહ ધરો,
જાગોને જરૂર હિંદુ દેશના નિવાશીયો;
ભભકારા મય વૃક્ષ સુગંધ ભરેલ માંહી,
થવાને તુરત તાજું તેડાવેલ ફાંસીયો.
જનપર હુનરતો વીંટીવળ્યો ચારેમેર,
મગન હુનરે થયા કમળાના આસિયો;
મન ખરા વિચારથી જાણોજ સ્વદેશિ જન,
તાહા કેમ પડીગયા વેપારીને ચાસીયો

## વરૂક્ષ શાખાબંધ તથા અસિબંધ દોહરો

સર્જ ભજ તજ મમતા સહુ, કર હુનરપર પ્યાર;
હુનર પ્યાર રમા રહી રમા હુનરને પ્યાર. ૨૨

## વરૂક્ષ પાંખડીબંધ અંતરલાપીકા.

રાકળ હીંદુ સુખને તને, જર જાણે દુર દેશ;

ભારતખંડ ખાલી થયો, જદા હુન્નર પ્રવેશ. ૬૪
તન મનથી ઉલટ તમે, મત થે એકજ તીર,
મળશે કમળા કારમી, તાજો કર જર તીર. ૬૫
સજ્જન સાધક બુદ્ધિથી, હુન્નરનો કરિ સોધ;
કર હુન્નરિને રહાગતા, રમા થકી વિનોદ. ૬૬
બિન હુન્નર નર જે ફરે, નહીં બદામજ મુલ;
પરદેશી ધંધે તખત પ્યારા કર્યું કબુલ. ૬૭
રહયા હુન્નર બિન જો કદી, માઠી બુદ્ધિ ઓળ;
ભાગ્ય ભંગ હુ ડી જશે, ને થશું તરજુ તોલ. ૬૮

## ચમરબંધ તોટક છંદ.

હુન્નરેથી વધેજ બિચાજ ઘણી, હુન્નરેથી વધે હુશીયારી ઘણી
હુન્નરેથી વધેજ બુદ્ધિજ ઘણી, હુન્નરેથી વધે જન આન ઘણી

## ઘનાક્ષરી છંદ અંતરલાપિકા

સજયો હુનરનો જદા અંગ્રેજી જનોએ સંગ
આ સમય એતો જુઓ કેવા મોટા છે બહુ;
શકળ શાહુકારોને ને મહાન રાજાઓને
ખાલી બળમીથી કીધા તીર વાત કેતી કહું;
એ ખાલી થવાનુ મુખ એકજ હુનરહીન,
કારણ બીજું નથીજ એ જરૂર જાણો સહુ;
આમરચંદ કે નકી હુતરનો કામો કેતો
સોહેક સુધી ઉભી પાર તેનાજ નસહું. ૬૯

## છપયનો ધનાક્ષરી છંદ શીખરબંધમાં.

સ

જયો હુન

રનો જ દાબ

બેજીજ નો એ સંગ

આ સમય એ તો જુઓ કે

વા મોટા છે બ હુ, શકળ સાહુ

કારોને નેમહાન રાજાઓને ખાલી

લખમીથીફીખાવી ર વાત કેવી કહુ, એ

ખાલીથવાનું મુખ્ય એ ક જ હુનરહીન કાર

ણુબીજુનથીજ એ જરૂર જાણો સહુ; અમરચંદ

કે નથી હુનરને કામો કેવો; સોધક બુધીછે વળીપાર

તેનો જ નલહુ

નીચેના છપયના ઉતરના શબ્દનું અનુક્રમે વાંચવાથી

સહુ જનોએ હુનર કરવો જેથી લખમી રેહે-

શે એવો અર્થ નીકળે છે.

## અંતરલાપિકા એકાને કોતર મીશ્ર છપઈ.

પ્રશ્ન — ઉતર

૧

ચઢે સરાણે શસ્ત્ર તેહ નામ શું કહિયે, ૧ સ જે

૨

ક્રેર કેનાથી જોર વધારે જરી ન સહિયે ૨ હુ વિ

૩

બાગુનમાં કરી રમત પેટ ભરે શું નામજ, ૩ હુ ન

આંગળી બારસુંહાડ નામ નાચી સુબામજ જ ન ખ
ખ રૂ મી
કામ સજે નર તેંશું કહે મુવા પુછવા કેશુ થશે ૧ ક રૂ
૭ રા સે
અમરચંદ એ નામની નકી કુનરને ઉપમા વશી.

## ધનાક્ષરી છંદ.

## અશ્વગતિ ભેદ તથ કમળબંધ.

કુનરનું થયું રાજ રમા ન રહી જરાજ
હીંદુ દેશ માંહિ આજ કેવું વીર કીધું છે, કાજ
ધર્યો ભર્તખંડ આજ ડંકા દેવળે દીધાજ;
પડયા આળસ માંહીજ કુનરે ચડયા નહીંજ,
કરો કુનરનાં કાજ રાયારૂપી ખાઓ ખાજ
કહુણ્ કમકતીજ બુદ્ધિ ભેદ આવો આજ,
અમરચંદ સમજ આદરો ઉદ્યમ કાજ;
લાવો લખમીને આજ પકડી મુલકમાંજ. ૭૨

## પઇસા વધારવાનો ઉપાય મનહર છંદ.

મોટા મોટા શેહેરમાં રચાવો કુનર શાળાઓને
રાખો તેમાં શોધી શોધી કુનરીજ જનને;
આદ રાખે અંતરમાં મોટા મોટા લોક નિત્ય
રંજન કરેજ એવી ધની તણા મનને
નવીન કળાની ચીજ ઉપજે અનેક એમાં,
સારી રીતે ચાલે કામ લાભ રહે તનને;
અમરચંદ થોડે ઘોડેથી જો ચાલે કામ;
ફીકી અરે કોઠાર અઠેક લાગે ચનને. ૭૩

### દોહરા.

વર્તમાનપત્રો રચે એવા શેહેરજ માંય,
માસીકને ચોપાનીયાં વિદ્ય કલમે કસાય.
તે લખવાને કારણે એક રહે વિદ્વાન;
મેહેર હોય મોટા તણી બનશે કામનીદાન

### મ-હરિવિજય છંદ.

પુર માંહે પુર બજારથી વળી હુનરશાળ્ય સીખીકર ભેળા
ધીર ધરી અની આપવી ધીરજ લક્ષ્મિપતી થકી રાખિયે મેળા
કામનો હુનર દેખાવીને વળી પુરાતન તણા કાઢિ ઉખળા
અમરચંદ કહે કર એમજ તો વધે આર્ય જનો તણી વેળા.

### દોહરો.

સભા ભરાએ સુભ રીતે અમલદારની મેક;
વર્તમાનને મા । દે એવી રાખવી ટેક. ૭૭
જો હુનર વધશે અતિ થાશે સુખ નીકંદ,
ઉર થકી આશિષ એટલી દેછે અમરચંદ. ૭૮
સુધારા સુબોધની નામે રચીયો ગ્રંથ;
અલ્પ સાર આનો કહ્યો છે મોટો બહુ પંથ.
ગોંડલથી પશ્ચિમ દિશામેર દુર્ગ છે ગામ,
ત્યાં ભવાન સુતે રહી કીધું છે આ કામ. ૮૦
સંપ કરીને સર્વજન ધીરે ધારો દંડ,
જેઠ સુદી અષ્ટમી થયો પેહેલો ખંડ. ૮૧

### સમાપ્ત.

# જાહેર ખબર

નીચે લખેલી બુકો આ સભા તરફથી નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે કીફાયતથી મળશે.

| | |
|---|---|
| નવજીના ગરબા | સુધારા સુબોધ. |
| ઇંદ્રીયોનો સંવાદ | પ્રેમચંદ મોહન. |
| સુનાવળી નાની | મિત્રવીલાસ છપાય છે |
| સુદનાવળી મોટી | ખોડાજી વિશે કવીતા |

આ શિવાય અમારા છાપેલા તથા મુંબાઇ અમદાવાદ રાજકોટ ગોંડળ વિગરેની છાપનાં સંસ્કૃત તથા ગુજરાતી જથાબંધ તથા છુટક કીફાયત કીમતે મળશે. જેમણે જોઇએ તેમણે નીચે સહી કરનારને કાગળ લખવો નાટપેડ કાગળ લેવામાં આવશે નહી.

**અમરચંદ ભુખણદાસ**

મેગણી ગુણગ્રાહક સભાના સેક્રેટરી

મુ૦ મેગણી